# ચંદ્રયાન-૩નું સફળ લેન્ડિંગ મુખ્યમંત્રીએ ઈસરો અમદાવાદ ખાતેથી લાઈવ નિહાળ્યું

## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે ઇસરોના વિજ્ઞાનીઓ અને અધિકારીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું






ગાંધીનગર, તા.૨૩

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આજે ચંદ્રયાન-૩ના સફળ અને ઐતિહાસિક લેન્ડિંગ ઈસરો, અમદાવાદ ખાતેથી નિહાળ્યું હતું અને ઈસરોના વિજ્ઞાનીઓ અને અધિકારીઓને પ્રોત્સાહન પૂરું પાડી ભારતમાતાનું ગૌરવગાન કરતાં કહ્યું કે, વિશ્વ ગગન મેં ફિર સે ગુંજે - ભારત મા કી જય જય જય.

મુખ્યમંત્રીશ્રીએ ચંદ્રયાન-૩ના લેન્ડરના ચંદ્રની સપાટી પર સફળ સોફ્ટલેન્ડિંગ પછી સૌને અભિનંદન પાઠવતાં જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતનો સ્પેસ રિસર્ચ પ્રોગ્રામ વધુ દૃઢ અને મક્કમ થયો છે. શ્રી નરેન્દ્રભાઈના દૃષ્ટિવંત નેતૃત્વમાં ઈસરોએ નવા આયામો સર કર્યા છે એમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વિક્રમ સારાભાઈએ શરૂ કરાવેલો ભારતનો સ્પેસ પ્રોગ્રામ આજે અવકાશની અનંત સીમાઓને આંબી રહ્યો છે. અવકાશ ક્ષેત્રે ભારત એક પછી એક સિદ્ધિ મેળવી હરણફાળ ભરી રહ્યું છે. દેશમાં તમામ ક્ષેત્રે થઈ રહેલો વિકાસથી દેશના નાગરિકોમાં સરકાર પરનો વિશ્વાસ વધુ મજબૂત થયો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તાજેતરમાં બોપલ અમદાવાદ ખાતે ઈન-સ્પેસના હેડક્વાર્ટરના લોકાર્પણ પ્રસંગને યાદ કરીને મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ઈન-સ્પેસ હેડક્વાર્ટર થકી વડાપ્રધાને અવકાશી શોધ-સંશોધનનાં દ્વાર પ્રાઈવેટ પ્લેયર્સ માટે પણ ખોલી આપ્યાં છે. હવે ઉદ્યોગકારો, ટેકનોક્રેટસ, સ્ટાર્ટ-અપ સ્થાપનારા યુવાનો પણ અવકાશ વિજ્ઞાનના ક્ષેત્રે શોધ-સંશોધન કરવાનું સપનું સાકાર કરી શકશે તેમ મુખ્યમંત્રીશ્રીએ દ્રઢતાપૂર્વક કહ્યું હતું.

શ્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં જણાવ્યું હતું કે, ઈસરો માનવ જાતના ભલા માટે, દેશવાસીઓના લાભ માટે અંતરિક્ષ ક્ષેત્રે કાર્ય કરતું આવ્યું છે અને આ અમૃતકાળમાં ઈસરો પણ વિશ્વમાં પોતાની સિદ્ધિઓની ધજા-પતાકા લહેરાવશે એવો પૂર્ણ વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. ચંદ્રયાન-૩નું સફળ સોફ્ટ લેન્ડિંગ પ્રસારણ નિહાળ્યાં પછી મુખ્યમંત્રીશ્રીએ ઈસરો કેમ્પસ ખાતે પ્લાસિવ લેબ અને અન્ય ઉપક્રમોની મુલાકાત લીધી હતી.

ચંદ્રયાન-૩ના સફળ સોફ્ટ લેન્ડિંગનું લાઈવ પ્રસારણ નિહાળ્યા બાદ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું પ્રોત્સાહક વર્ચ્યુઅલ ઉદબોધન પણ મુખ્યમંત્રીશ્રીએ ઈસરોના અધિકારીઓ, કર્મચારીઓ સહિત શાળાના વિદ્યાર્થીઓ સાથે નિહાળ્યું હતું.

# ગાંધીનગરમાં મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને 'મારી માટી, મારો દેશ' અભિયાનનો રાજ્યકક્ષાનો કાર્યક્રમ

## 'હરઘર તિરંગા' - 'મારી માટી મારો દેશ' જેવા આગવા અભિયાનોથી વડાપ્રધાને જન-જનમાં રાષ્ટ્રભાવ જગાવ્યો




મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને ગાંધીનગરમાં 'મારી માટી, મારો દેશ' અભિયાન અંતર્ગત રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજાયો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રભક્તિની ભાવના, દેશની વિરાસત અને વીરો ઉપર ગર્વ અને અસ્મિતાનું સિંચન કરવા માટે 'હરઘર તિરંગા' અને 'મારી માટી મારો દેશ' જેવા આગવા અભિયાનો આપી જન-જનમાં રાષ્ટ્રભાવના જાગૃત કરી છે. એટલું જ નહીં, વડાપ્રધાનશ્રી સ્વચ્છતા અભિયાન, મિશન લાઈફ સ્ટાઈલ ફોર એન્વાયરમેન્ટ, સ્ટેચ્યુ ઑફ યુનિટી માટે ખેડૂતના ઓજારોનું લોખંડ એકત્રીકરણ તથા કોરોના વોરિયર્સના ઉત્સાહવર્ધન જેવા અભિયાનોમાં જન ભાગીદારી જોડીને પોઝિટીવ આઉટકમ લાવનારા ગ્લોબલ લીડર બન્યા છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશની આઝાદીનો અમૃત મહોત્સવની રાષ્ટ્રવ્યાપી ઉજવણી કરવામાં આવી અને હવે જ્યારે દેશ આઝાદીના અમૃતકાળમાં પ્રવેશ્યો છે ત્યારે આ ધરતીના વીર સપૂતો, ક્રાંતિકારી રત્નોને યાદ કરવા, તેમના શૌર્ય, સાહસ અને સંઘર્ષને આદર આપવા માટે તેમણે આપેલા 'મારી માટી મારો દેશ' અભિયાનથી દેશભરમાં રાષ્ટ્રભાવના વધુ સુદૃઢ થશે. વડાપ્રધાનશ્રીએ દરેક કામોમાં, યોજનામાં જન ભાગીદારી જોડીને પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડેલથી છેવાડાના માનવી સુધી વિકાસ કઈ રીતે પહોંચે તેવું આગવું મોડલ વિકાસની રાજનીતિથી વિકસાવ્યું છે.

# ઈસરો પર શુભેચ્છાનો વરસાદ

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, હર્ષ સંઘવી, સી.આર.પાટીલે અભિનંદન આપ્યા

અમદાવાદ,તા.૨૩

ભારતે આંતરીક્ષના ઈતિહાસ રચી દીધો છે. વિક્રમ લેન્ડરે આજે ચંદ્રયાન -૩ નું ચંદ્રની ધરતી પર સફળતાપૂર્વક લેન્ડિંગ કરી દીધું જેને લઈને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, હર્ષ સંઘવી, ઋષિકેશ પટેલે ટ્વિટર પર શુભેચ્છા પાઠવી હતી મુખ્યમંત્રીએ લખ્યું હતું કે આજનો દિવસ ઈતિહાસના પાના પર કાયમ માટે અંકિત થઈ ગયો. ચંદ્રયાન-૩ મિશનની સફળતા સાથે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર સોફ્ટ લેન્ડિંગ કરનાર ભારત દુનિયાનો પ્રથમ દેશ બન્યો છે. કરોડો પ્રાર્થનાઓ આજે ફળી છે. બીજી બાજુ ચંદ્રયાનનું સફળ લેન્ડિંગ ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલે પોતાના નિવાસ્થાને નિહાળ્યું અને આ ભારત માટેની આ વિશેષ સિદ્ધિ માટે ભારતના વૈજ્ઞાનિકો અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને અભિનંદન પાઠવ્યા હતા. છેલ્લા સાત દાયકામાં ચંદ્ર પર અત્યાર સુધીમાં ૧૧૧ મિશન મોકલવામાં આવ્યા છે. જેમાંથી ૬૬ સફળ રહ્યા હતા. ૪૧ નિષ્ફળ. ૮માં આંશિક સફળતા મળી. ચંદ્ર મિશનમાં સફળતાની ૫૦ ટકા શક્યતા છે.






ચંદ્રયાન-૩ના ટેલિકાસ્ટ જોવા માટે રાહદારીઓ માટે એએમસી દ્વારા જાહેર એલઈડી લગાવવામાં આવ્યા હતા. તો ચંદ્રયાન-૩નું ચંદ્ર પર સફળ ઉતરાણ થયું હતું. જેનું ખાનપુર બીજેપી ઓફિસ પર સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું.

# જંબુસરની કંપનીમાં ગેસ લીકેજ ૧૫ સારવાર હેઠળ ખસેડાયા

## પ્લાન્ટમાંથી પીળા રંગના ધુમાડા છૂટતાં કામદારો જીવ બચાવવા ભાગતા નજરે પડ્યા હતા

ભરૂચ,તા.૨૩

ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં સરોદ નજીક આવેલી કેમિકલ કંપનીમાં ગેસ લીકેજની ઘટનાના પગલે દોડધામ મચી ગઈ છે. પ્લાન્ટમાંથી પીળા રંગના ધુમાડા વછૂટતાં કામદારો જીવ બચાવવા ભાગતા નજરે પડ્યા હતા. આ ગેસ બ્રોમીન હોવાનું પ્રાથમિક અનુમાન છે જોકે હજુસુધી કંપની તરફથી કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી. ઘટનામાં હજુસુધી કોઈ જાનહાનિના અહેવાલ સાંપડ્યા નથી. સ્થિતિ ઉપર નિયંત્રણ મેળવવા પ્રયાસ હાથ ધરાયા છે. ઘટના બાબતે ફાયર બ્રિગેડને પણ કોલ આવતામાં આવતા ઈમરજન્સી સર્વિસીસની ટુકડી ઘટનાસ્થળ તરફ રવાના કરવામાં આવી છે. ગેસ ગળતરની ઘટના PI Indsutries માં બની હોવાના પ્રાથમિક અહેવાલ સાંપડી રહ્યા છે.

બ્રોમીન ગેસ સીધો શ્વસન તંત્ર ઉપર અસર પહોંચાડે છે. શ્વાસમાં તકલીફ સહિતની સમસ્યાઓ આ ગેસથી થાય છે. હવા કરતા ભારે હોવાના કારણે તેનું જોખમ પણ વધુ રહે છે. આજે ઈન્ડસ્ટ્રીઝમાં બનેલી ઘટનામાં ૧૫ થી વધુ લોકોને ગેસની અસરના લક્ષણનો સામનો કરવો પડ્યો હતો. કંપની સત્તાધીશ સહીત ઈમરજન્સી સર્વિસીસના સૂત્રોએ આ ૧૫થી વધુ લોકોને સ્થાનિક હોસ્પિટલ ખસેડાયા હતા. જંબુસર ડિવિઝનના નાયબ પોલીસ અધિક્ષક પી એલ ચૌધરીએ જણાવ્યું હતું કે સારવાર હેઠળના વ્યક્તિઓમાં કોઈની હાલત ગંભીર હોવાના અહેવાલ નથી. મામલાની પોલીસ સહીત એજન્સીઓએ તપાસ શરૂ કરી છે. ઘટનાના પગલે સ્થાનિક અગ્રણીઓ પણ ઘટનાસ્થળે દોડી ગયા છે.

# પોલીસ સ્ટેશનમાં ૨૩ પેટી દારુની ચોરી થતાં ખળભળાટ

દાહોદ,તા.૨૩

ગુજરાતમાં દારુબંધી કેટલી કારગર છે એતો આપણે બધા જાણીએ જ છીએ. રાજ્યમાં રોજેરોજ દારુબંધીના લીરેલીરા ઉડી રહ્યા છે. દારુ પાર્ટીથી લઈને દારુ પીને અકસ્માત કરનારાઓના કિસ્સા પણ સામે આવી રહ્યા છે. જો કે, આજે જે કિસ્સો સામે આવ્યો છે તેને લઈને પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઉઠ્યા છે.

કારણે પોલીસ સ્ટેશનમાંથી જ દારૂની ચોરી થતા અનેક સવાલો ઉઠી રહ્યા છે. આ ઘટના પીપલોદ પોલીસ સ્ટેશન ખાતેથી સામે આવી છે. ૨૦-૦૮-૨૦૨૩ એ સ્ટેટ વિજિલન્સની ટીમે ૪૪ લાખ ઉપરાંતનો દારૂ પકડ્યો હતો. એસપીને દારૂની પેટી ગાયબ થયાની બાતમી મળતા તપાસ કરી હતી. જેમાં દારૂની પેટીઓની ગણતરી કરતા ૨૩ પેટી દારૂ ગાયબ જોવા મળ્યો હતો. દારૂની પેટી ચોરીના બનાવમાં સંડોવાયેલા ૧૫ જેટલા આરોપી સામે નામ જોગ ગુનો નોંધવામા આવ્યો છે. દારૂ ચોરીના પ્રકરણમાં પીપલોદ પોલીસ સ્ટેશનના ૧ પોલીસ કોન્સ્ટેબલ, 7-GRD, 2-TRB, ૪-પબ્લીકના માણસો સહીત ૧૫ વ્યક્તિઓ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. હાલમાં ૧૫ આરોપીમાંથી ૮ આરોપીને ઝડપી પાડી તપાસ હાથ ધરવામાં આવી છે. જે લોકોને ઝડપી પાડવામાં આવ્યા છે તેમાં ૭ જીઆરડી, ૧ ટીઆરબી, ૧ અન્ય પબ્લિક એમ કૂલ ૯ની અટકાયત કરવામાં આવી છે.

### ભથ્થામાં વધારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પંચાયત ગ્રામ ગૃહનિર્માણ વિભાગ દ્વારા પરિપત્ર જારી કરવામાં આવ્યો છે.

મહત્વનું છે કે હાલની સ્થિતિએ વધતી જતી મોંઘવારીને ધ્યાને લઈને સરકાર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. હાલ પેટ્રોલ ડીઝલ તથા અન્ય મુસાફરીને આનુસંગિક ખર્ચ તથા મોંઘવારીના સૂચકઆંકોના વધારેને લઈને વાહનભથ્થાની રકમમાં વધારો કરવા અંગે વિચારણા કરવામાં આવી હતી. ત્યારબાદ રાજ્ય સરકાર દ્વારા આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેનો હવે જિલ્લા અને તાલુકા પંચાયતના પ્રમુખને લાભ મળશે.

### પાણીનું ટીપુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ નિર્મિત રાયસણ સ્થિત પંડિત દિનદયાળ આવાસ યોજના બ્લોકનં - ૩૫૨ માં અંદાજિત ૪૦૦ થી વધુ લાભાર્થીઓ છે. જયારે આ આવાસમાં એકબાજુ ભાડુઆતો વધુ વસવાટ કરતા હોવાની ફરિયાદો પણ વારંવાર ઉઠવા પામે છે. ત્યારે છેલ્લા બે દિવસથી આ આવાસોમાં પાણી આવતુ ન હોવાથી રહીશો તોબા પોકારી ગયા છે. અંદાજે ૬ લાખનુ વિજબીલ બાકી હોવાથી જોડાણ કટ કરી દેવામાં આવ્યુ છે. જેના લીધે પાણીનો બોર પણ ઠપ્પ થઈ ગયો છે. ગુડાની આ આવાસ યોજનાના લાભાર્થીઓ આસપાસના વિસ્તારમાંથી પાણીની ડોલ ભરવાનો વારો આવ્યો છે. રહીશોએ કપડા ધોવા માટે પણ નજીકની સોસાયટીમાં જવુ પડે છે. આ સ્થિતિમાં કોને ફરિયાદ કરવી તે મામલે પણ રહીશો મુંઝાયા હતા. આ આવાસ યોજનાની આસપાસના વિસ્તારમાં કચરાના ઢગ ખડકાતા ગંદકી પણ વધી ગઈ છે. આખરે આ મામલે સ્થાનિક રહીશોએ ગુડાના તંત્રને જાણ કરી હતી. પાણીની સમસ્યાને ડામવા સ્થાનિકોએ ગુડાની કચેરીમાં જવાબદાર અધિકારીને પણ રજુઆત કરી હતી ત્યારે આવાસ યોજનાને અનુલક્ષીને સોસાયટીની રચના કરવામાં ન આવી હોવાનો મુદ્દો પણ સામે આવ્યો હતો જો કે હાલની સ્થિતિએ પાણીનો પ્રશ્ન હોવાથી ગુડાએ વિજબીલની બાકી રકમનો ચેક ચુકવી દેવાનો નિર્ણય લીધો છે. યુ જી વી સી એલમાં પણ ફોનના માધ્યમથી વાતચીત કરીને પણ બોરનુ જોડાણ ચાલુ કરવા માટે જણાંવ્યુ હતુ. ગુડાની આવાસ યોજનાને અનુલક્ષી તેમાંય ખાસ કરીને વારંવાર રાયસણ સ્થિત વિવિધ બ્લોક નંબરમાં સ્થિત આવાસ યોજનામાં લાભાર્થીઓની મુશ્કેલીઓ મામલે એક સાંધે ત્યાં તેર તુટે તેવી સ્થિતિ સર્જાય છે. આવાસોની જાળવણીનુ કામ તેમજ લીફ્ટ પણ લાંબા સમયથી બંધ રહેતી હોવાની સમસ્યાઓના લીધે લાભાર્થીઓને હાલાકી વેઠવી પડે છે. જયારે આવાસની આજુબાજુના વિસ્તારમાં પણ કચરાના ઢગ ખડકાયા છે. સફાઈના નામે મીંડુ છે. ત્યારે ગુડાની આ આવાસ યોજના અન્વયે યોગ્ય જાળવણીના કામો હાથ ધરવામાં આવે તેવી લાગણી અને માંગણી પણ સ્થાનિકોમાં પ્રબળ બની છે.

### ટાઉનહોલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. જેમાં જુના એ સી પ્લાન્ટને બદલી નવો અદ્યતન પ્લાન્ટ મુકવામાં આવ્યો છે. આ ઉપરાંત લાઈટીંગ અને ઓડિયો વીડીયો સહીતની કામગીરી પણ કરવામાં આવી છે. જો કે હાલ ફાયર ફાઈટીંગ સિસ્ટમનુ કામ ચાલી રહ્યુ છે. ટાઉનહોલનુ હયાત સ્ટ્રકચર યથાવત રાખવામાં આવ્યુ છે. જયારે ટાઉનહોલમાં બે નવી લીફ્ટ પણ મુકવામાં આવી છે. જેમાં એક વી આઈ પી અને એક વી વી આઈ પી ના ઉપયોગ માટે રહેશે આ ઉપરાંત કલાકારો માટે બે ટ્રાયલ રૂમ , ગ્રીનરૂમ, સ્ટેજ, સાઉન્ડ સિસ્ટમ તેમજ ટોઈલેટ બ્લોક ,સીલીંગનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. જેમાં હવે સાઈડની દિવાલોના પેનલીંગનુ કામ પણ ચાલી રહ્યુ છે. ટાઉનહોલમાં શ્રોતાઓ માટે આરામદાયક બેઠક વ્યવસ્થા ઉપલબ્ધ થાય તે માટે નવી ખુરશીઓની પણ પસંદગી કરી દેવામાં આવી છે. જયારે બેઠક વ્યવસ્થામાં સંકડાશ ન થાય તે માટે અગાઉ કરતા બેઠક ક્ષમતામાં પણ ઘટાડો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. હવે ટાઉનહોલમાં બેઠક વ્યવસ્થા તેમજ કાર્પેટનુ કામ હાથ ધરવામાં આવશે અલબત્ત લાંબા સમયના અંતે ટાઉનહોલના રીનોવેશનની યોજના અન્વયે સિવિલનુ ૩૦ ટકા કામ બાકી છે. જયારે ઈલેક્ટ્રીફિકેશનમાં ૨૦ ટકા કામ બાકી છે. અગાઉ મંત્રી કક્ષાએ પણ ટાઉનહોલના રીનોવેશનની યોજનાને અનુલક્ષી ઝડપથી કામ કરવા માટે સુચના આપવામાં આવી હતી જો કે ત્યારબાદ પણ ટાઉનહોલના કામમાં ઝડપ આવી નથી જયારે કોરોનાકાળમાં પણ આ યોજનાનુ કામ પ્રભાવિત થયુ હતુ ત્યારે હવે સુત્રોના જણાંવ્યા મુજબ આગામી તા ૩૦ નવેમ્બર સુધીમાં ટાઉનહોલનુ કામ પુર્ણ કરી દેવાશે.

### ડ્રો કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાભાર્થીની આવાસ ફાળવણી રદ થશે. આ આવાસ પ્રતીક્ષા યાદી ધ્યાનમાં રાખી લાભાર્થીને ફાળવી દેવાશે. આ મામલે અરજદાર ગુડા સામે કોઈપણ જાતના નુકશાનનો વાંધો ઉઠાવી શકશે નહી. જ્યારે કોઈપણ સંજોગોમાં ગુડાના મુખ્ય કારોબારી અધિકારીનો નિર્ણય આખરી રહેશે તેમ પણ જણાવાયું છે.

### ભારતનો ડંકો

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિક્રમ લેન્ડરનું સોફ્ટ લેન્ડિંગ થયા બાદ ઈસરોના વડા એસ સોમનાથે કહ્યું હતું કે, ભારત ચંદ્ર પર પહોંચી ગયું છે. તેમણે કહ્યું હતું કે ચંદ્રયાન-૩ લેન્ડર મોડ્યુલ વિક્રમે ચંદ્ર પર સફળતાપૂર્વક સોફ્ટ લેન્ડિંગ કર્યું છે. જ્યારે ઈસરોએ ટ્વિટ કરીને ચંદ્રયાન-૩ તરફથી સંદેશ લખ્યો હતો કે, ભારત હું મારા ડેસ્ટિનેશન પર પહોંચી ગયો છું અને તમે પણ!

હાલમાં સાઉથ આફ્રિકા ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા વિક્રમનું સોફ્ટ લેન્ડિંગ જોયું હતું. ચંદ્રયાન-૩ની સફળતા બાદ તેમણે દેશને સંબોધીત કરતા કહ્યું હતું કે, ભારતના સ્પેસ સેક્ટરમાં આજનો દિવસ ઐતિહાસિક છે. જ્યારે આપણે આવી ઐતિહાસિક ક્ષણો જોઈએ છીએ ત્યારે આપણને ગર્વ થાય છે. આ નવા ભારતનું પ્રભાત છે. આપણે ધરતી પર સંકલ્પ કર્યો અને ચંદ્ર પર તેને સફળ બનાવ્યો. હવે ભારત ચંદ્ર પર છે.

અગાઉ ચંદ્રયાન - ૩એ ઉતરાણ શરૂ કરી કર્યું હતું . ચંદ્ર પર ચંદ્રયાન-૩ મિશન સોફ્ટ લેન્ડિંગ માટે ઈસરોના અધ્યક્ષ એસ. સોમનાથ બેંગલુરુમાં મિશન કંટ્રોલ કોમ્પ્લેક્સ ખાતે પહોંચ્યા હતા. ચંદ્રયાન-૩ થોડીક જ મિનિટોમાં લેન્ડિંગની પ્રક્રિયા શરૂ કરી દેશે. તે પોતાની જાતે જ લેન્ડિંગ કરશે. ઈસરો પ્રક્રિયા પર ચાંપતી નજર રાખી રહ્યું છે. લેન્ડર દ્વારા સતત ફોટા મોકલવામાં આવી રહ્યા છે. તેના આધારે જ લેન્ડિંગનું સ્થળ નક્કી થશે. અત્યાર સુધીમાં ચંદ્રયાન ૩ ચંદ્રના ૧૨૦ ચક્કર લગાવી ચૂક્યું છે. તેણે કુલ ૧૫૫ લાખ કિ.મી.ની યાત્રા પૂર્ણ કરી છે. ઈસરોએ જણાવ્યું હતું કે, લગભગ ૧૫૦ થી ૧૦૦ મીટરની ઉંચાઈ પર પહોંચવા પર લેન્ડર પોતાના સેન્સર અને કેમેરાનો ઉપયોગ કરીને સપાટીની તપાસ કરશે કે કોઈ સમસ્યા તો નથી ને. પછી સોફ્ટ લેન્ડિંગ કરવા માટે નીચે ઉતરવાનું શરૂ કરશે.

### ચંદા મામા

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરિવારજનો આપણાં વૈજ્ઞાનિકોના પરિશ્રમ અને પ્રતિભાથી ભારત ચંદ્રના એ દક્ષિણ ધ્રુવ પર પહોંચ્યો છે જ્યાં આજ સુધી દુનિયાનો કોઈ પણ દેશ નથી પહોંચી શક્યો.'

વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે કે, 'આજ પછી ચાંદા સાથે જોડાયેલા મિથક બદલાઈ જશે અને કથાનક પણ બદલાઈ જશે. નવી પેઢી માટે કહેવતો પણ બદલાઈ જશે. ભારતમાં તો આપણે બધા જ ધરતીને 'મા' કહીએ છીએ અને ચાંદાને 'મામા' કહીએ છીએ. ક્યારેક કહેવાતું હતું કે, ચાંદામામા બહુ દૂર છે. પરંતુ હવે એ દિવસ દૂર નથી જ્યારે બાળકો કહેતા હશે કે, આ રહ્યા ચાંદામામા.'

### એન્જિન બનશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

રોકાણકારોમાં આત્મવિશ્વાસ વધ્યો છે. અમે જાહેર સેવા વિતરણ અને સુશાસન પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. પીએમ મોદીએ કહ્યું કે બ્રિક્સ બિઝનેસ કાઉન્સિલને તેની દસમી વર્ષગાંઠ પર ખુબ ખુભ શુભેચ્છાઓ. છેલ્લા ૧૦ વર્ષમાં બ્રિક્સ બિઝનેસ કાઉન્સિલે આપણા આર્થિક સહયોગને વધારવામાં ખુબ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. જ્યારે ૨૦૦૯માં પહેલા બ્રિક્સ શિખર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું ત્યારે દુનિયા ભારે નાણાકીય સંકટમાંથી બહાર આવી રહી હતી, તે સમયે બ્રિક્સ વૈશ્વિક અર્થવ્યવસ્થા માટે આશાની કિરણ બનીને ઊભર્યું. તેમણે કહ્યું કે વર્તમાન સમયમાં કોવિડ મહામારીના તણાવ અને વિવાદો વચ્ચે દુનિયા ઈ આર્થિક પડકારો સામે લડી રહી છે. આવા સમયમાં એકવાર ફરીથી બ્રિક્સ દેશોની ભૂમિકા મહત્વપૂર્ણ છે.